# <u>ફોજદારી કેસ નં. ૮૦૦/૨૦૨૨ ના કામે આંક – ૧ લગત હુકમ</u>

આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલની ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરુ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુનો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ તેમની સામુના ગુનાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલા છે કે, ગુનો કબુલ કરવા તે બંધાયેલા નથી. તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલા છે જેથી આરોપી તર્ફે કરવામા આવેલ કબુલાત કાયદેસરની અને સ્વૈચ્છિક હોવાની ખાતરી થતાં તે રેકર્ડ કરવામા આવેલ છે અને આરોપીને તેમની વિરુધ્ધમાં ગુજરાત કારખાના અધિનિયમ, ૧૯૬૩ (સુધારેલ–૧૯૯૫) ના નિમય–૩(એ) મુજબના ગુન્હા માટે કારખાના ધારા, ૧૯૪૮ ની કલમ–૯૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામા આવે છે.

વધુમાં આરોપી તર્ફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે, અમોએ આક્ષેપની પુર્તતા કરી છે અને ભવિષ્યમાં કાયદાનું ઉલ્લંઘન ન થાય તની ખાતી આપેલ છે તથા તેઓ વિરુધ્ધ કોઈ મજુરે ફરીયાદ કરેલ નથી. આ કામે કોઈ જાન–માલની હાની થયાનો ફરીયાદ પક્ષનો કેસ નથી.

નામ. ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીશચંદ્ર ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પૂરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદ રુપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સં જોગોને ધ્યાને લઈ, આરોપીને દંડની સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. જે તમામ ચર્ચાના અંતે આ કામમાં નીચે મેજબનો આખરી હુકમ કરેલ છે.

## <u>:: હુ ક મ ::</u>

આ કામના આરોપી – કાનજીભાઈ ભુપતભાઈ રાઠોડ, રહે. જી.આઈ.ડી.સી., હળવદ ને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત કારખાના અધિનિયમ, ૧૯૬૩ (સુધારેલ–૧૯૯૫) ના નિમય–૩(એ) મુજબના ગુના માટે કારખાના ધારા, ૧૯૪૮ ની કલમ–૯૨ હેઠળ તકસીરવાન ઠરાવી રુ. ૫,૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા)નો દંડ ની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિન–૧૫ (પંદર) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ તારીખ ૦૯ મી, માહે માર્ચ, સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

હળવદ.

તા. ૦૯/૦૩/૨૦૨૪.

(એ. એન. ગજ્જર)
એડી. ચીફ જ્યુડી. મેજી., હળવદ.
જી. મોરબી. (GJ01166)